# શૈક્ષણિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિ, ધાર્મિક દષ્ટિકોણથી ગુજરાત-રાજસ્થાનનો પ્રવાસ

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં શૈક્ષણિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ધાર્મિક દષ્ટિકોણ વિકસે તે હેતુથી ગુજરાત-રાજસ્થાન રાજ્યના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રવાસ દરમ્યાન શામળાજી - પોળો જંગલ - ખેડબ્રહ્મા - અંબાજી - માઉન્ટ આબુ - ઉંઝા - પાટણ - મોઢેરા - બહુચરાજી વગેરેની મુલાકાત લીધી હતી. સાથે જ પોળોના જંગલોમાં પ્રાચીન મંદિરો, આબુમાં લેદવાડાના દેરા, ગુરૂશિખર, સનસેટ પોઈન્ટ તથા નક્ખી લેક જેવા સ્થળો જોયા હતાં. ઉંઝામાં ઉમિયાધામ, પાટણમાં વિશ્વની હેરિટેજ રાણવી વાવ અને મોઢેરાના વિખ્યાત સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી.

સમગ્ર પ્રવાસનું આયોજન અને સંચાલન ડૉ. જયશ્રી દિક્ષિતે કર્યું હતું. આ પ્રવાસમાં પ્રા. સુભાષ મકવાણા, શ્રી નિલેશભાઈ પરમાર તથા શ્રી અંબાલાલ વસાવા પણ જોડાયા હતા. સમગ્ર પ્રવાસની સફળતા માટે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા સેક્રેટરી શ્રી ભીખુભાઈ એન. પટેલ તથા આચાર્યશ્રી ડૉ. ડી.યુ. પટેલસાહેબ તથા સ્ટાફ મિત્રોનો ડૉ. જયશ્રી દીક્ષિતે આભાર વ્યક્ત કર્યો હતો.

